કીમ્મત ૦—૪—૦

ભાગ પેહેલો.

श्री अंबीका स्तुति गायन संग्रह.

આવૃત્તિ પેહલી.

છપાવી પ્રગટ કરનાર.

ચી. ડા. પટેલ.

श्री

अंबीका स्तुति गायन संग्रह.

ભાગ ૧ લો.

પટેલ માધવલાલ ખુશાલદાસની સહાયતાથી
છપાવી પ્રગટ કરનાર

પટેલ ત્રીકમલાલ દાહ્યાભાઇ.

આવૃતી ૧ લી.

અમદાવાદ
"વિશ્વેશ્વર" પ્રેસમાં છાપ્યાં.

ઇ. ૧૮૯૨ સં. ૧૯૪૮

કીમત ૦—૪—૦

श्री अंबाजी.



अर्पण पत्रीका.

શેઠ, શંભુપ્રસાદ બેહેચરદાસ.

હરીગીત છંદ.

સદ્‌ગ્રહસ્થ છો નિજ જ્ઞાતીમાં, સુત સભુ બેહેચર ભાઈના
સંનિષ્ઠ બુદ્ધીવંત કામો શ્રેષ્ઠ સાથી આપના.
નિજ કુળદેવી આદ્ય ઉમીયા, માત ઉંઝા ગામ છે;
દેખ રેખ રાખો દામ ખરચી, એનો ઉત્તમ કામ છે.
વળી ઉદાર વૃત્તિ આપની, પરમાર્થ મા પેખી અતી;
શુભ કાર્યમાં સમશેર રૂપે, દાખવો છો મહા મતી.
એ સર્વમાં સદ્‌ગુણ ધારી, આપને અર્પું કહી;
લઘુ ગ્રંથ ગાયન સંગ્ર', અંબીકા તણો પ્રીતે અહીં.

(ગિતિ)

પ્રતિદિન રાખો પ્રીતી, મુજપર મિત્ર ગણીને ગુણવંતા,
નામ નેહથી આપું, અમર કરવા, શંભુ શુખ વંતા.
અહોનિશ ઉમીયા પાસે, ઇચ્છુ આપ સમ સુમિત્ર સંસારે;
સુખ દુઃખમાં રે' સાથે, અર્જ એટલી વદુછુ આવારે.

મુ. અમદાવાદ. — વીનંતી

વનમાળી વાંકાની પોળ. — પ્રગટ કર્તા.

પ્રસ્તાવના.

સર્વે ભારતવાસી અંબીકા ભક્તજનો પ્રતે વીદીત કરવામાં આવે છે કે, આ "અંબીકા સ્તુતિ ગાયન સંગ્રહ" નામનો લઘુ ગ્રંથ નાટકોના ગાયન રૂપે રચાવી બહાર પાડવાનો મુખ્ય હેતુ એટલોજ છે કે, હાલના કેટલાંક ઉછરતાં જુવાનીયાઓ પરધર્માદી નાટકોના રાગથી તલ્લીન થઇ સ્વધર્મના પુરાતન લેખકારો ઉપર બીલકુલ લક્ષ આપતા નથી, તેથી ધર્મની હાની થાય છે. તે હાની અટકાવવાને તથા તેઓને સ્વધર્મનો અપુર્વ લાભ આપવાને ઉચિત્ત ધારી આ ગ્રંથનો પેહેલો ભાગ પ્રગટ કરાવવામાં આવેલો છે. સદરહું ગ્રંથને જે સાહેબોએ પ્રથમથી પ્રેમ બતલાવી ગ્રાહક થઇ આશ્રય આપ્યો છે તેઉ સાહેબોનો આ સ્થળે ઉપકાર માનવામાં આવે છે. અને બાકીનાં બીજા ભાગોને પ્રગટ કરાવવામાં તેઓજ આશ્રય આપશે, એવી પ્રગટ કર્તા આશા રાખે છે.

અમદાવાદ } એજ વીજ્ઞપ્તિ.

લી. પ્રગટ કર્તા.

"श्री अंबीकास्तुति गायन संग्रह."

"અથ ભારતી સ્તુતિ."

મંગળાચરણ.

(શ્રી જગતપતિ) એ રાહ,

માતુ સરસ્વતી, દીઓ શુભ મતિ અતી;
અકળ ગતી તાહેરી છે, અજબ તુજ કૃતી—ટેક.
અલ્પ મતીથી હું આરંભુ, આરાસુર મહીમાય;
કૃપા કરી સદ્બુદ્ધી સ્થાપો, ગ્રંથ પૂર્ણ આ થાય. માતુ.
મૂર્ખ મનુષ્યને અતી મતિ દ્યો, કરી કુબુદ્ધી નાશ;
મતિવંતને મુર્ખ બનાવો, એ યુક્તિ તુમ પાસ. માતુ.
માટે સાહ્ય માગુ હું સારદા, અર્પો સુબુદ્ધી આજ;
વિઘ્ન રહિત પરિપુરણ થાએ, વત્સ વિજયનું કાજ. માતુ.
સંવત ઓગણી ચાર નવનો, વર્ષ બેસતો માસ;
રાજનગરમાં રચતાં ઉપન્યો, ઉરમાં અતિ ઉલ્લાસ. માતુ.

(ગીતિ.)

મયુર વાહની માતુ, સરસ્વતિ ભગવતિ પ્રેમે પદ લાગું;
વિવેક વાણી અર્પિ, પુર્ણ કરો આ ગ્રન્થ એજ માગું.

—:૦:—

" શ્રી અંબિકા સ્તુતિ."

(જય કે કલંદર બન બન ફીરકે) એ રાહ.

આદ્ય શક્તિ અંબિકા અરજી, અવધારો આ વત્સ તણી;
મંમાથા મુજ મેહેર કરીને, સુખ કરો સહુ દુઃખદ હણી.
આરાસુર માંહે ભોળી માતુ, અંબિકા મેં ભાળી (૨)
પાવાગઢે પર્વતમાં દીસે મહાકાળી (૨)
ચોંહુઆળમાં દીઠી મેં તો, બેઠી બહુચર બાળી. આરા. આદ્ય.

"રાજનગરથી ખરેડી ગામ સુધીનો હેવાલ."

(ખુશ રહો સન્મજા મેરા) એ રાહ.

અમો રાજનગરના, સ્ટેશન ઉપર આવી;
જાવા ખરેડી ગામ, ટીકીટ કરાવી.
આવી સહુ ઉભા, પ્લાટ ફોર્મની પાસે;
દીઠી આવી તત્ર ગાડી, વેગથી વાંસે.
પોટરે પાડી બુમ, હટો નર નારી;
વળી મારી ઘંટો કહે, કરો તૈયારી.
એવું કેહેતાને વાર, આવી ત્યાં ગાડી;
સમ સમ સમ કરતી, પાસ ઉભી રહી આડી.
અમો કુદી પડ્યા સૌ સાથ, ઉઘાડી બારી;
રહી જઈશુ મનમાં બીક, લોકની ભારી.
ઉભી રહી મીનીટ પાંચ, લગી ઘાં પૂરી;
ઇન્જીને પાડી ચિસ, ભરાવી સુરી.
લેઈ ચાલ્યું અમને સાથ, સુરીને ભીડી;
સુરી પણ કટ કટ ખટ ખટ, કરતી હીંડી.

દોડ્યું તે એકેદમ, મુખ ફાડીને;
જઇ ઉભુ ખરેડી ગામ, ઝીભ કાઢીને.
છેરી નાખ્યાં ત્યાં કાષ્ટ, કોયલા ખાધા;
વારીના વળતી, પડ્યા ભાઇને વાંધા.
તસ પાપડ થઈ તે વાર, સુરી સહુ મુકી;
નાઠું તે સીધે મુખ, ભુખ ભુખ ભુંકી.
અમો ઉતર્યા ત્યાંથી હેઠ, ટીકીટો આપી;
જઇ બેઠા ઝાંપા બા'ર, લાડવા ચાંપી.
આવ્યા ત્યાં ટટ્ટુવા લેઈ, લોકના થોકો;
સૌ બોલ્યા આપણે માટ, એકેકુ રોકો.
પરઠ્યા ટટ્ટુવાના દામ, ડુંગરે જાવા;
વળી લીધા સંઘની સાથ, બહુ વોળાવા.
પગ પાળે ચાલ્યા કોઈ, કોઇ છે સ્વારી;
જય જય અંબિકા માત, કહી તે વારી.

ડુંગરે ચઢતી વખતે જાત્રાળુ ગાય છે;
(શાકી શરાબ એકીલા) એ રાહ.

સર્વે—ચાલો નરનાર, અંબા દરબાર;
પુજીને પાવન થઇએ આ વાર.
ખુશી ખુશાલી છે, અપરમપાર;
સર્વે—વાહવા છે ? આજ ? વાહવા ? ?
૧ લો—સૌથી પેહલા હું તો જઈશ;
માનસરોવરમાં નાહીશ.

પછી જઇ માતુ પદ પુજીશ;
સર્વે—વાહવા છે? આજ? વાહવા?
૨ જો—હું તો માજી આગે, નાચ કરીશ;
અતિ હર્ષથી હું થાળો પુરીશ.
માને ધરાવીને હું આરોગીશ;
સર્વે—વાહવા છે? આજ? વાહવા??
૩ જો—ભાઇ ટટ્ટુ હું તો હાંકી મૂકીશ;
અતિ વેગે જઇ ઉભો રહીશ.
ચાચરમાં જઇ ધૃત હોમીશ;
સર્વે—વાહવા છે? આજ? વાહવા??
૪ થો—વાતો મુકી તમે ચાલો આ વાર;
મારે ચઢાવવા ચુંદડી હાર.
બાર કોષ છે, માજી દરબાર;
સર્વે—વાહવા છે? આજ? વાહવા??
૫ મો—આ મારૂં ટટ્ટુ છે, હું તો તૈયાર;
પકડો આવો મુને કોના છે ભાર.
ઉભા રહી કરો ઉંડો વિચાર;
સર્વે—વાહવા છે? આજ? વાહવા??

ડુંગરથી દરબાર સુધીનો દેખાવ.

(સાંભળો સાહેબ અજબ તડાકા) એ રાહ.

અહીંથી સર્વે આગળ ચાલ્યા, માજીને દરબાર;
રસ્તામાં નદીને નાળાનો, આવ્યો નહીં કાંઇ પાર.

ઉંચે ચઢતાં નીચે પડતાં, ડુંગરોની માંહ્ય;
મંદ વાયુની લેરે મનડું, આનંદે હરખાય.
ધડ ધડ ધડ ધડ પાણી પડતું, પથરામાંથી ત્યાંય;
તેની તો સરિતાઓ ચાલી, આડી આવી આંય.
કોતરો ઉંડા ને પહોળા, દીસે ઠામો ઠામ;
અગણિત વૃક્ષો ભાર અઢારે, મળે ન ખરચે દામ;
હિંસક પશુઓ હવે નથી હ્યાં, હતું અગાડી જોર.
ઇંગ્રેજે સોધી સોધીને, કીધાં સઘળાં ઠોર;
જોતાં જોતાં આગળ ચાલ્યા, આવી ચોકી તામ.
રાહદારીનું વાટ વોળાવું લેછે, આને ઠામ;
જણ જણ દીઠ જઇ ચારો આપી, સર્વે ચાલ્યા સાથ.
આગળ જાતાં ઝાલ્યો બીજી, ચોકી વાળે હાથ;
તેને પણ પુરવની પેઠે, દીધા દામો આઠ.
ત્યાંથી આવી દીઠો દરવાજેથી, માનો ઠાઠ;
આ દરવાજે દાંતા રાણાનું, લેવાએ દાણ.
જણદીઠ ચૌદ આના રૂપૈયાનું, રાખ્યું પરીમાણ;
અમો ચુકાવી અંદર આવ્યા, માજીને દરબાર.
ધર્મશાળામાં ધામા દીધા, થાકેલા તે વાર;
થાક ઉતારી સર્વે બોલ્યાં, ચાલો દરીશણ કાજ.
માનસરોવર નિર્મળ નિરે, પાવન થઇએ આજ;
એમ કહી નર નારી ચાલ્યાં, સર્વે સરોવર પાસ.
દર્શણની ઉત્કંઠા છે મા, પુરો અમારી આશ;

———✱———

"માનસરોવરનો દેખાવ."

(દેખી તેરી વફાદારી) એ રાહ.

સોભા સરોવરની સારી, માનો વાત સવી મારી;
અરે હાં, રે હાં, રેહાં, રે હાં.........સોભા૦
આ સરોવરમાં જે નાહ્ય, સુખી તે થાય
પાતિક સૌ જાય, સુણો નર ના.........રી...સોભા૦
નારી નગ્નપણે જો નાહ્ય, કુદૃષ્ટિ ન થાય;
ગણે નીજ માય, માતુ ભય ભા.........રી...સોભા૦
કદી કરે કુકર્મની વાત, પાપીનો ઘાત;
કરે છે માત, વહુ હ્યો વિચા...........રી...સોભા૦
ત્રણે બાજુ બેઠાની બા'ર, પવનની લા'ર;
આવે આ ઠાર, સુગંધી સા...........રી...સોભા૦
અમે માનસરોવર માહ્ય, કરી સુખ કાય;
બેઠા જ્યાં માય, ઘણા ત્યાં ધા...........ઈ...સોભા૦

—:o:—

"માતાજીના દરબારનો દેખાવ."

(રાગ બંજારો.)

આવ્યા દરબારે જે વારી, નીરખી સહુ સોભા સારી;
હોમ કરવાનો કુંડ કીધો છે, દરવાજાની પાસ લીધો છે રે.
જોડે બેઠા જોગી જટા ધારી...................નીરખી.
માજી જોડ ગણેશ બિરાજે, સામી બાજુએ ભૈરવ ગાજે રે;
નામે કાળ બટુક હ્યો ધારી...................નીરખી.

અમો ચાચરમાં જ્યાં આવ્યા, દીઠા અમૃત થાળ ધરાવ્યારે;
માજી સુખ છે મોહનગારી.........................નીરખી.
ઘણા ઘૃત હોમે ચાચરમાં, કોઈ શ્રીફળ લાવે કરમાંરે;
કોઈ ચિર ચુંદડી ન્યારી.........................નીરખી.
માતુ ભગ્ત જનોને ભાવી, ઘણાં ઘરેણાં જાય ચડાવીરે;
અરણે આવી મા મારી.........................નીરખી.
ચોતર્ફ ચોઘડીઆ વાગે; ઘંટા નાદ સવાસો ગાજેરે;
છે શત્રુને ભય ભારી.........................નીરખી.
અખંડ ઘૃતની જોત બળે છે, જ્વાળા છાતની સાથ મળેછેરે.
છે સૌને મા સુખકારી.........................નીરખી.
હાંડી ઝુમ્મરો ઉંચા બાંધ્યા, વળી તકતાઓસ ફરતા સાંધ્યારે;
છત કામ છે મિણાકારી.........................નીરખી.
ભુમી પથર્યા છે આરસપાણા, રંગી બાજી તે અંદર જાણોરે;
જોઈ ઇંદ્રાપુરી તે હારી.........................નીરખી.
અલ્પ બુદ્ધીથી ઉરમાં આણી, હવે માજીનો વેશ વખાણીરે;
કરૂં સ્તુતિ હું વા'લ વિચારી.........................નીરખી.

—:o:—

"માજીના મંડપના અંદરનો દેખાવ."

(સારૂં સારૂંરે સુરત શેહેર, મુંબાઈ અલબેલી) એ રાહ.

આવો આવોરે (હાંહાંરે) સેવક સહુ આજ માના ગુણ ગઈએ;
પ્રેમે પુજીને (હાંહાંરે) માતુના પાય, પાવન તો થઈએ. ટેક.
આરાસુરમાં અંબા બિરાજે, પાવાગઢ મહા કાળીરે;
દક્ષિણ માંહે તુળજા ભવાની, ચુંવાળે બહુચર બાળી. માના.

ઝળહળ જ્યોતો પ્રગટી રહી આ, માજી તણા દરબારરે;
ચાચર માંહે ચંચળતાથી, નાચે સહુ નર નાર. માના.
સાવ રૂપાનો મંડપ માનો, પાવડીઓ ત્રિશુળરે;
ચમરી ગાયના ચમ્મરો ઉડે, છત્ર તણું નહીં મુલ. માના.
મંડપ શીખર કંચન કળસો, જરી પતાકા ઉડેરે;
ઘંટડીઓ રહી ગણ ગણ કરતી, રમતી ઓચ્છવ રૂડે. માના.
માજીના ચાચરની માંહે, અગણિત ઘૃત હોમાયરે;
સંઘ આવે તે વારે સઘળે, કંકુ બહુ રોળાય. માના.
કોઈ ઉતારે શીર બંધીને, કોઇ કહે મા સાચાંરે;
કોઇ નાક લીટી તાણીને, મુખપર મારે તમાચા. માના.
બ્રહ્મ જનો રહી વેદ ભણે હ્યાંહી, ચંડી ચાચર પાસેરે;
ભયો ભયો મુખ એમ ભસીને, ઉભા મોદીક આસે. માના.
માજીનો શેવક સિંહ આવે, નમવા મધ્ય નિશાએરે;
જળ જંપે જેવારે ત્યારે, માતુ નમી નિત્ત જાએ. માના.
પણ માતુનો હુકમ એવો, કજા કરે નહીં કોનેરે;
પાસ થકી જાતો ઘુઘવાતો, પ્રતક્ષ પડછો જોને. માના.
અમો અત્યારે સર્વ મળી મા, આનંદે ઉચરીએ રે;
મંમાયા બહુ મહેર કરીને, કામ શેવકના કરીએ. માના.

માતાજીના શણુગારનો દેખાવ.

(સાડે તીન પેસે સેર દુધી ના બેચુંગી.)

આરાસુરી માતુ આજે, પુરો આશ મારીરે;
પુરો આશ મારીરે, હુંતો જાઉં વારીરે. આરા. ટેક.
વાઘ ઉપર અસ્વારી કીધી, ધરી સોળ શણુગાર;

કોટી શસિ સમ મુખડું સોહે, તેજ તણો અંબાર. આરા.
રયણ મુગટ શિર સુંદર સોહે, કંઠે મુકતા માળ;
પ્રાતઃ સમે માતુ દીસોછો, જાણે નાહાનું બાળ. આરા.
કર કંકણને કટી મેખલા, ઝાંઝરનો ઝમકાર;
રત્ન વેઢ આંગુળીએ ઓપે, બિજલી સમ ચમકાર. આરા.
પગ આંગુળીએ, અણવટ વિંછુવા, ઉત સાળુ અંગ;
મધ્યાને મા દરિશણ દોછો, બની તરૂણી રંગ. આરા.
સુંદિર નાશિકે નથ સોહે, મોતીની મહા મુલ;
કર્ણ ફુલ કાને બે ઝુલે, ભાલ તિલક અમુલ. આરા.
દંત પંકતિ હીરે જડેલી, બેસી કરો કલોલ;
નેત્રાંજન કીધું નેહેથી, ચાવી મુખ તંબોલ. આરા.
સાયંકાળે શેવક જન સહુ, આવે દરિશણ કાજ;
વૃધા થઇ તે વખતે બેસો, પડે માજી રાજ. આરા.
કૃતિ આપની અદભુત જોઈ, વંદે સહુ નરનાર;
દેશ દેશથી દર્શણ કાજે, આવે તુજ દરબાર. આરા.
મનો કામના માતુ પુરે, પ્રેમે દીન દયાળ;
ભગ્તોની ભગ્તી જાણી આ, પાપીને તું પાળ. આરા.

મંડપની શોભા.

(બંધ કીલ્લો બાપુ છે શું કામ) એ રાહ.

ઠામો ઠામે રૂપા કેરૂ કામ (ર) માજી મંડપ માંહેરે, ઠામો ઠામે.
સુવર્ણ ઝારી, કર માંહે ધારી, નવરાવે માને તમામ, ઠામો. માજી.
અબિલ અરગજા, કંકુને કેશર, છાંટે માજી કેરા ધામ; ઠામો. માજી.
સોનાના છત્રો શિરપર સોહે, શત્રુ મુખ થાએ શામ. ઠામો. માજી

પંચઆરતિઓ પ્રેમે ઉતારે, ખરચી મહા મુલ્ય દામ; ઠામો. માજી.
થૈ થૈ નાટારંભ કરે સહુ, મુખે માતુશ્રીનું નામ. ઠામો. માજી.
માજી હુકમે હાજર રહેછે, ભૈરવ બટુકને શામ; ઠામો. માજી.
એકે ચિત્તે જે આરાધે માતુ, થાએ છે તેના તો કામ. ઠામો. માજી.
દરબારનો દેખાવ જુઓ તો, ભરેલો પુર દમામ. ઠામો. માજી.
માજી પ્રતાપે જસવંત રાણા, તોડે છે શત્રુની હામ; ઠામો. માજી.
અમો અત્યારે માજીના આગે, નાચીએ કુદીએ આમ. ઠામો. માજી.

અતિ હર્ષે માતાજીની સ્તુતી.

(ચલન કર ભલે, માતા બાત સુન તું લે.)

આનંદ આજ અતી, મળ્યાં અંબા મહા સતી. ટેક.
દુષ્ટ મણુને દંડ તો કરે, ભગતના દુઃખ આપ તો હરે;
સૌને સમતુલ્ય, અર્પે મહા મુલ્ય, માતુ સુખ વૃતી. મળ્યાં.
દેવો માટે દૈત્ત મારીઆં, શત્રુ આવ્યાને ઉગારીઆં;
માતાજી મેહેર, ને કરો લે'ર, પાપી સુત પ્રતી. મળ્યાં.
અંમાયાની પારે આવશે, તેના દુઃખ દુર તો થશે;
અગ્નિની માંહે, સુખી તે થાય, મેળવિ મહા મતી. મળ્યાં.
માજી આજ મેહેર તો કરો, બાળ કેરા કષ્ટ તો હરો;
જય જય જય, કરી વિજય, આપો સુખ અતી. મળ્યાં.

"અંબિકા સ્તુતી ગાયન ૧ લું."

(છાઈ ગટા ગગનમાં કારી) એ રાહ.

આરાસુર અરજ છે મારી, દીઓ દુઃખ દધી પાર ઉતારી;

શેવકના કષ્ટો કારી, કાપો ભવ ભવ ભય ભારી.
નથી તુજ વિણ બચવા બા'રી, બતલાવો વત્સ વિચારી;
ઉત્તર અંબા, પુર્વે કાળી, દક્ષિણમાં અષ્ટ ભુજાળી.
ચૌવાળે બહુચર બાળી, ચંડ મુંડને ચુર;
આણીને સુર, દૈત્તોને દુર, કીધા મા મારી. દીઓ.

"સ્તુતિ ગાયન ૨ જું."

(નાથ કૈશો ગજકો બંધ છોડાયો) એ રાહ.

અંબે આઇ આશરો એક તમારો, શેવક જનની વિનતી
સ્વિકારો અંબે૦
જગત જનેતા છો જગ માંહે ઝાહેર, પુત્રને શું નવ પાળો;
આદ્ય શકિત એક મુખે ઉચરીએ, ભગત પ્રતે કાંઇ ભાળો. અંબે.
સુર તણા દુઃખ દુર થવાને, રૂધીર દૈત્તોના પીધાં;
મહિષાસુરને, ધુમ્રલોચનના, હિંમાચળે પ્રાણ લીધાં. અંબે.
રંક મનુષ્યને રાય કરો મા, રાયને રંક જો ધારો;
અપુત્રિયાને પુત્ર દઇને, વંશની વેલ વધારો. અંબે૦
અંધ પુરૂષને આંખજ આપો, પાંગુલને પગ પ્યારા;
આપ તણા ઉપકાર અનંતા, નોધારાના છો આધારા. અંબે૦
સુરીનર મુનિવર તુજ મુખ મોહે, અંબા આદ્ય ભવાની;
ચોસઠ જોગણી પાસ રહે નિત્ત, ઝીલવા આપ જુબાની અંબે.
ભૈરવો મા કો' તેની ભીડ ભાગે, હુકમ આપ ઉઠાવી,
છળ કપટ પ્રપંચી પુરૂષને, ચાવો થએ જાય ચાવી. અંબે.

રંક વણીકની સ્તુતી સુણીને, નિધિ માંહે નાવ તાર્યાં;
નાવ નીચે જઇ ત્રિશુળ ધારી, બુડતાં સહુને ઉગાર્યાં. અંબે.
હાલ એધાણી એ આપની પાસે, વંક ત્રિશુળે વખાણી;
વિમળ વણીકનો મહીમા વધાર્યો, કે'છે હજી સહુ કા'ણી. અંબે.
તેમ હવે માજી શેવક તારો, દીલમાં દયા કાંઈ ધારી;
આજ તનય કે' માજી તમારો, અરજી એતો આ ઉચ્ચારી. અંબે.

સ્તુતી ગાયન ત્રીજું.

(શ્રી જગતપતી પ્રભુ આપ સન્મતિ) એ રાહ.

શ્રી આરાસુરી, તું છે આદ્ય ઇશ્વરી;
નમન માતું નિત્ય કરૂં, ધ્યાન લે ધરી. ટેક.
જગત જનેતા માત માહરી, આપ તણો આધાર;
અંબાયા તું મહેર કરીને, અરજી આ અવધાર. શ્રી૦
ચંડ મુંડને ચુરણ કીધાં, દળ્યું દેવનું દુઃખ;
સિંહ વાહની તું સુખદાઈ, અર્પે સૌને સુખ. શ્રી૦
સુર અસુરે શ્રેષ્ટપણે તું, આ અવનિમાં આજ;
ભગતવત્સળ ભિડ ભાગો માત, હે અંબે? શિરતાજ. શ્રી.
સકળ લોક તુજ શરણ ગ્રહેમા, તરવા આ સંસાર;
ભવાની ભવ ભય ભાર નિવારી, ભવ જળ પાર ઉતાર શ્રી૦
પ્રેમ થકી તુજ પાસે આવે, પાપી પાવન થાય;
આ લોકે પર લોકે માત, કરજે સહુને સાહ્ય. શ્રી૦
શેવક જનને સાહ્ય કરો મા, ઠરે ચિત્ત આ ઠામ;

સાધે સદ્દબુદ્ધીથી માતું, રાખી હૈયે હામ. શ્રી૦
ભાગ્યવંત ભોળી માતા તુ, ઇચ્છું તુજ દેદાર;
પ્રેમે પદ પુજીને પામું, આજે હર્ષ અપાર. શ્રી૦

સ્તુતી ગાયન ૪ થું.

(સહીયર દુઃખ શું દાખવું) એ રાહ.

દુખદ હું શું માતુ દાખવું, સુજે એકે ન સાજ;
કાયા કંપે મન મુંઝાય છે, શર્ણે આવ્યો હું આજ. દુખદ૦
કાળ ચક્કર ફરે ફુદડી, પકડી લેવાને પ્રાણ;
ભગતને એથી ઉગાર તું, અરજી ઉરમાં આણ, દુખદ૦
અમોતો છોરૂં માજી આપના, જોગ માયા તુ જાણ;
કષ્ટ સમય સાહ્ય કીજીએ, પેખી પુત્ર અજાણ. દુખદ૦
વંક હોયે રંક જાણીને, સોંપો શ્રષ્ટિમાં સુખ;
ભગ્ત ઉદ્ધારણ અંબિકા, ભાગો સર્વેની ભુખ. દુખદ૦
પારે આવ્યા ને તારો તમો, માતુ દીન દયાળ;
તનય તમારો આ વિનવે, લેજો સૌની સંભાળ. દુખદ૦
આરે અવસર માજી આકરો, બેઠો છે કળીકાળ;
શરણ નહીં માજી કોઇનુ, એવો સમય છે હાલ. દુખદ૦
અરજ સુણીને વારે આવજો, આરાસુરી અંબાય;
સંઘ સમસ્ત આવી કરી, ગુણ આપના ગાય. દુખદ૦

સ્તુતિ ગાયન ૫ મું.

(જદ્દાવો સીતમકો સજ્ન વાર હું) એ રાહ.

આજી કોપ આશું તમે તો કરો, અરે કાંઈ અરજી તો ધ્યાને ધરો;
અમો બાળ અજ્ઞાની તારા અતિ, દીઓ શુભ માતુશ્રી મારી મતિ.
તમે માતુ મારી છો મેરૂ સમાન, અમો કંકરો ભુલ્યા આપનું ભાન
હવે ચિત્ત ચાચર માંહે ઠર્યું, આવી દરીશણ તો આજે કર્યું.
જોઈ માતુ મતવાલી તારા દેદાર, ગયા દુઃખ દોહગ દુરે અપાર;
માની વાગે દીસે છે, વેરાઇ માત, જામે બેઠા દીસે ગજાનન તાત.
ભયાનક ભૈરવ ઉભા હજુર, ફેડે ઠામ દુષ્ટોના તોડીને નુર;
હેવા સુર સામંતો ઉભા ઘણા, નિવારો ન કષ્ટો શું તનય તણા.
માગીએ કુકર્મની માફી અમો, દયાવંત દીસો છો માજી તમો;
લળી લળી પાવડીએ પડીએ, માતુ તુજ આગે દુઃખો રડીએ.
આવ્યા શરણે તેને ઉતારો પાર, હરો માતુ સુતના ભયનો ભાર
અમો આવ્યા તારી પાસે નરનાર, જગદંબે કરો હવે જયકાર.

—:૦:—

"સ્તુતિ ગાયન ૬ ઠું."

(ઓધવજી સંદેશો કેજો શામને) એ રાહ.

કરમ તણી કથની મા, કહો જઈ કયાં કરૂં. ટેક.
તુજ વિણ મુજને એક નહીં, આધાર જો,
કરમ કઠીણને, કાયા મારી કોમળી;
કષ્ટ હવે મા કયાં સુધી, કરનાર જો, કરમ૦
હું હત ભાગી માતુ, પુરણ પાપીઓ;

જાણી નહીં ભક્તિ તારી, લવલેશજો
ભુલ થકી ભમીઓ આ, ભવકુપમાં પડી,
અથડાઇને આવ્યો, આ તુમ દેશ જો. કરમ૦
તુજ ચાચરમાં ચોટે, જેનું ચિત્તડું;
વળી આવે જે પ્રેમ ધરી તુજ પાસજો;
હસ્તગૃહી ઉદ્ધારણ તેનું તું કરે,
પ્રેમે પુરે મનડા કેરી આશજો. કરમ૦
તે ધારી હું આવ્યો, મા તુજ આગળે;
શેવકને સંભાળી, રાખો સાથજો.
હર્નિશ આરાધન, હવે ચુકું નહીં;
જરૂર હવે મા ઝાલો, જમણો હાથજો. કરમ૦
મુગલ પશુએ, ચર્ણાયુધને મારીયાં;
કીધાં ભક્ષણ શંખલપુરની માંહ્યજો;
પ્રાતઃસમે પેટો ચીરીને કાઢીઆં,
જીવતાં માતુ મુગલ નાઠાં જાયજો. કરમ૦
ઘોડીનો ઘોડો પણ માતુ તેં કર્યો,
પ્રગટ થઇ બેઠી ત્યાં બહુચર બાળજો;
ભક્તોને તારીને ભિડ ભાગી ઘણી,
કપટી જનનો આણ્યો માતુ કાળજો. કરમ૦
બાનાની પત રાખો મારી માવડી,
હુંતો કીંકર આપ તણો અજ્ઞાનજો;
વા'લ તજી મુજને ના કરશો વેગળો,
તુજ તનયની વિનતી ધરજો ધ્યાનજો. કરમ૦

અમૃત દ્રષ્ટિથી વૃષ્ટિ વરસાવજો,
જેથી જન સહુ સુખીઉ જગમાં થાયજો;
એક ચિત્તે મા તુજને જે આરાધશે,
કષ્ટ જઇને થાશે નિર્મળ કાયજો. કરમ૦

સ્તુતિ ગાયન ૭ મું.

(કહું શું નશીબે દુઃખીઓ કીધો છે) એ રાહ.

આરાસુરી મા અંબા અમારી, અરજી લીઓ કાંઇ ધ્યાનમાં ધારી. ટેક.
આરાસુરમાં અંબા બિરાજે, ચરણ કમળકી મે જાઉ બલિહારી. આ.
ચુવાચંદન અને પૂષ્પ ચઢાવી, ધુપ દિપ કરી આરતી ઉતારી. આ.
માજી પાસે થાય હુવન હજારો, વાગે મ્રંદગો તીહા મનોહારી. આ.
એક ચિત્ત માજી તુજને આરાધે, તેના દુખ દોહગ દેછે વિદારી. આ.
કામ કુંવર કાળાગૃહેથી છુટયો, અમર ને અભય દીધું મા વિચારી. આ.
નમ તણા મુખથી તું ઉગારે, ન્યારી ગતી મા દીસેછે તમારી. આ.
પંચાક્ષરી તુજ જાપ જપંતા, જન્મ મરણ ભય દેતું નિવારી. આ.
બોહોતેર કોટી દાનવ દળીઆં, ચંડી રૂપે માતું ક્રોધ વધારી. આ.
તેમ હવે મારા કર્મ દળો મા, શેવકની ગતી દયોને સુધારી. આ.
આપ દેદારે દુઃખ ગયા સહુ, માજી કરો હવે મંગળકારી. આ.
કાળી ભવાની બહુચર બાળી, અરજી લીઓ હવે સૌની સ્વિકારી આ.

સ્તુતિ ગાયન ૮ મું.

(અંમર ફળ આવ્યું આ શું તેનું તો કરવુંરે) એ રાહ.

અરજ સુણોને, આરાસુરી માતુ મારીરે. ટેક.

અમે શેવકો આવ્યા મા, આજે શર્ણે તારીરે. અરજ૦
ચાચર માંહે રમતા દીઠા, નવ દુરગાની સાથેરે;
સામા સામી અંબોડા લઈ, લીધા ગરબા માથેરે. અરજ
ચોસઠ જોગણી ખપ્પર સાથે, ખડી છે રે;
માતુ મોજડીઓ, હીરા મોતીએ મઢીછેરે. અરજ૦
શોભે શણગાર સજી, માતાજી ઉમંગેરે;
રૂમઝુમ રૂમઝુમ રમતાં દીઠાં, આજે મેતો રંગેરે. અરજ૦
ઇંદ્રાદી બ્રહ્માદી સુર, સનકાદી ગુણ ગાતારે;
નિજ શેવકના સંકટ કાપી, સદ્ધ કરો સુખ શાતારે. અરજ૦
અમને તો આધાર માતુ, એક છે તમારોરે;
શર્ણાંગતને માતાજી; મારો કે ઉગારોરે. અરજ૦
સાંજ ને સવાર એક ચિત્તે, ધ્યાન ધારૂંરે;
માજી તુજ મંદિરીએ, મોહ્યું મન મારૂંરે. અરજ૦
દુઃખના ડુંગર દળી, દેદારતો દાખોરે;
રંક જાણી, અવનિમાં, આબરૂતો રાખોરે. અરજ૦
અમેતો અજ્ઞાની બાળ, આપના અધર્મિરે;
ક્યાંથી ઓળખે તે હીરો, પાંણ છે અકર્મિરે. અરજ૦
માતુ રતિવંત કરો, અનુકંપા આણીરે;
એક આશરો અંબામા, જુગ જુગ જાણીરે. અરજ૦

સ્તુતિ ગાયન ૯ મું.

(ક્ષત્રિ કલંક કેમ લેશેરે.) એ રાહ.

અમો આવ્યા માતુ ચાચરે આવાર, અરજ સુણોને અમારીરે.—ટેક.

વાધ્યો અંગમાં હર્ષ અપાર. અરજ૦
માતુ મુખ દેખી મન હરખાય. અરજ૦
બાર જવાનુ ન મન જરી થાય. અરજ૦
કંકુ કેશરથી કીધા રંગરોળ. અરજ૦
કીધા અતરથી માજીને અંગોળ. અરજ૦
માને ચરણા ચોળીને ચિર અંગ. અરજ૦
તેના બદલાએ નવા નવા રંગ. અરજ૦
ભાટ ભવાઇ પવાઈ ગુણ ગાય. અરજ૦
માનુ રૂપ ત્રણ વેળા બદલાય. અરજ૦
પ્રાતઃકાળે દીસે બેઠી જાણે બાળ. અરજ૦
મધ્યાને યોવન તરૂણીની હાલ. અરજ૦
સાયંકાળે આરતી થાએ જે વાર. અરજ૦
વૃદ્ધા રૂપ થઇ બેસે નિરધાર. અરજ૦
દુરથી જઇ દેખોતો જુવો માત. અરજ૦
પાસે જાઓતો છે ખીંટીઓની વાત. અરજ૦
એવી અદભુત મારી અંબેમાય. અરજ૦
કેમ શેવકને સાહ્ય નહીં થાય. અરજ૦
તારી પાસે આવ્યો આજે દીન દાસ. અરજ૦
માજી સંઘ સમસ્તની પુરો આશ. અરજ૦

સ્તુતિ ગાયન ૧૦ મું.

(ભેખરે ઉતારો રાજા ભરથરી.) એ રાહ.

ધન્ય દીવસ ધન્ય આ ઘડી, ધન્ય રાગને રંગજી;

સોળિરે આરાસુરી બેટીઆં, આણી મનમાં ઉમંગજી;
અરજ સુણોને મારી માવડી.
પારે આવ્યારે અંબા આપની, અમો સર્વે આ દીશજી;
કૃપારે કરી કાપો કષ્ટને, છાંડી રૂદયની રીશજી.
અરજ સુણોને મારી માવડી.
અમોરે અજ્ઞાની બાળ આપના, જાણુ ભગ્તિ ન લેશજી,
ક્ષમારે કરો રાણી રંક છું, સંખલપુરની સૌ દ્વેશજી;
અરજ સુણોને મારી માવડી.
વણીક તણા વા'ણ તારીઆં, કીધાં રંકને રાયજી;
એવોરે ગુનો શો હમાએરો, થાઓ સત્વર સાહ્યજી;
અરજ સુણોને મારી માવડી.
દુષ્ટને દંડ દીઓ તમો, સોંપો ભગતને સુખજી;
વંક હોએ જાણી રંકને, કાપો દોહીલા દુઃખજી.
અરજ સુણોને મારી માવડી.
વિમળ વણીક સુત સ્થાપીઓ, આપે આણીને વા'લજી;
રંક હતો તે રાણો કર્યો; માજી તેને તતકાળજી;
અરજ સુણોને મારી માવડી.
અમોરે અભાગી પુરણ પાપીઆ, કરો હવે ઉદ્ધારજી;
ક્ષમારે માગીએ સૌ કુકૃત્યની, ઉતારો નિશ્ચે પારજી;
અરજ સુણોને મારી માવડી.

———(*-:-*)———

"સ્તુતિ ગાયન ૧૧ મું"

(ગોપીચંદ લડકા બાદલ બરસેરે.) એ રાહ.

સંખલપુર માતુ, આપ બિરાજો આરાસુરમાં,
ભક્તોની વિનતી, આપ ધરોને માતુ ઉરમાં—ટેક.
ભીડ ભાગોને માત ભવાની, કહે શેવક કરજોડ;
આદ્યશક્તિ અમ આશા પુરી, વા'રે અમારી દોડ. સંખલ.
કોટી શશિ સમ મુખડું સોહે, તેજ તણો અંબાર;
વ્યાઘ્ર વાહની દીસે મુગટમાં, મણી મય રત્ન અપાર. સંખલ.
કર્ણ ફુલ બેઉ કાને ઝબકે; વીજળી સમ ચમકાર;
કાળીગાંઠી પાટીઆને, કંઠે મોતનકો હાર. સંખલ.
કડા સાંકળા બાજુબંધ ને, રત્ન મુંદ્રીકા હાથ.
સુંદર મુખપર વાળી સોહે, નયન બે કાજળ સાથ. સંખલ.
પાઉમે ઝણ ઝણ ઝાંઝર ઝમકે, છલ્લા કરે છણણાટ;
અણુવટ વિંછુવા ઓપી રહ્યા છે, ચંદ્ર સમો ચળકાટ. સંખલ.
જરીયન સાડી સિરપર ધારી, બેઠાં ગોખની માંહ્ય;
ભગત જનો ત્યાં આવી ભાવથી, ગુણ તમારા ગાય. સંખલ.
હર્નિશ ઓત્સવ આંહી થાય છે, માજી તણા દરબાર;
તાળ મૃદંગ ને બાજે સારંગી, નાચે સહુ થૈકાર. સંખલ.
તરેહ તરેહની રાગ રાગણી, ઉઠી રહી છે આજ;
ઇંદ્રિભુવન આ જોઈ આકાશે, નાઠું આણીને લાજ. સંખલ.
આદ્યશકિત હુ અરજ કરીને, ઠિકુર જોડું દાસ;
ભુલ ચુકની માફી અર્પી, પુરજો સૌની આશ. સંખલ.

સ્તુતિ ગાયન ૧૨ મું.

(ગીરધારીરે વાત કહું તે વીચારો.) એ રાહ.

અલબેલીરે, અંબા અરજ સ્વિકારો, વિનતી ઉર આપ વિચારો,
હું અળગોરે, તુમથી નથીરે થનારો, માજી મારો કાં ઉગારો.

(ઝુલ)

સુણો સંખલપુરની રાણીરે, વદુ વિવેકથી હું વાણીરે;
માતુ ભક્તિ ન આપની જાણીરે, હુ હત ભાગીરે.
આસરો એક તમારો, માજી મારો કાં ઉગારો;
કલ્યાણીરે, બાળા બુદ્ધી આપો, કુબુદ્ધી મારી કાપો.
કામેશ્વરી મા, જપીએ તમારા જાપો, પ્રેમે પુત્ર કરીને સ્થાપો.

[ઝુલ]

કળજુગમાં દીસો કાળીરે, રાખોછો સૌને પાળીરે,
ચૌંવાળમાં બહુચર બાળીરે, દક્ષિણમાં રે;
તુળજા નામે દાખો, પ્રેમે પુત્ર કરીને સ્થાપો.
ચૌંવાળેરે, મેરીનો મરદજ કીધો, આશ્રીત ઉગારી લીધો
દેશમાંહેરે ડંકો વિજયનો દીધો, અમૃત રસ પ્રેમે પીધો

[ઝુલ]

દેવો માટે દૈત્તને માર્યારે, શુંભ નિશુંભને સંહાર્યારે,
શર્ણાગત કામો સાર્યારે, હવે આવ્યોરે;
શર્ણું તમારે સીધો, અમૃત રસ પ્રેમે પીધો;
કીરપા કીજેરે, મંમાયા મહાકાળી, શેવકને લ્યો સંભાળી.
સહુ પાપોરે, પ્રતક્ષ આપ પ્રજાળી, દીઓ ક્ષમા સ્વેતાષઢવાળી

(ઝુલ)

અમો આવ્યા પારે તારેરે, માજી મારો કે ઉગારોરે.
તુજ વિણ નહીં કોઇ તારેરે અમો છોરૂંરે;
આણના બહુચર બાળી, દીઓ ક્ષમા સ્વેતાબઢવાળી.

" સ્તુતિ ગાયન ૧૪ મું. "

(શિખર્ણી.)

પ્રભાતે બાળા તું, તરૂણ વય મધ્યાન સમયે;
દીનાં તે વૃદ્ધા તું, ત્રિગુણ રૂપ ત્રિલોક ઉદયે.
મહા મારી ધારી, અસુર સુર ખદ્યોત ખલકે;
કર્યા શાંતી શાંતા, સકળ સુર દુઃખેથી પલકે.

" સ્તુતિ ગાયન. ૧૫ મું. "

(શાર્દૂલવિક્રિડિત.)

દેવી તું દુઃખ દોષ શોષણ કરે, શાંતી સદા આપીને;
ભ્રાંતીથી કર દુર ચુર કરીને, દુઃખોઘને માપીને
શાંતા તું વરદાઇક્ષું સકળને, આ ભવ્ય જીવો નમે;
તેને તું કર સ્થાપજે શિરપરે, હે માત મારી હવે;
પાવા પર્વ બિરાજી ચંચળ હવે, આપસ્યતા ચાળવી.
દેવી તું સુખની સખાવત ભલી, ભોળી ભણુ ભાળવી.
ચિર્યા ચાંચડ હ્ય રકત બિજને, બીજા ઘણા દૈત્તને;
આર્યા મંગળ ચંચળા ચતુરને, આ બાળ નિત્તે નમે.

સ્તુતિ ગાયન ૧૬ મું.

(તુન કુમમલાજી અરવા.) એ રાહ.

ભિડ ભાગો ભવાની, (૨) ઓ માતુ મારી, ભીડ૦
આરે અવસરમાં, આધાર તારો, (૨) કોડ પુરો કલ્યાણી, કોડ૦
દિન શેવકને સાહ્ય કરો મા, (૨) આપ ઉરમાં આણી,
વિશ્વ વ્યાપક માતું સુખદાઈ (૨) જોગમાયા મેં જાણી. જોગ૦
અમો અજ્ઞાની બાળ તમારા (૨) સુણો વત્સની વાણી. સુણો૦
સંકટ સરવે દુર કરીને, (૨) સુખ આપોને શાણી. સુખ૦
આરાસુરે મા અંબા બિરાજો, (૨) નિજ તનયે વખાણી. નિજ.
સાંજ સવારે અમો શેવીશું, (૨) સંખલપુરની રાણી. સંખલ.

" સ્તુતિ ગાયન. ૧૭ મું. "

(મેરે ગમકા તરાના, સુનીએ ફીશાના.) એ રાહ.

માજી અર્જ અમારી, ઉરમાં ધારી, શેવકને સંભાળ;
અમો આવ્યા આ વારી, શર્ણે તમારી, કષ્ટ નિવારી. શેવક.
શાર્દૂલવાહની સંકટ સહુના, દયા થકી કર દૂર.
આરાસુરીમાં અંબે અમારી, અરજી સ્વિકારો ઉર,
ધાઓ વા'રે અમારી, બાળ વિચારી, કષ્ટ નિવારી, શેવક.
આ અવનિમાં આશરો તારો, મેહેર કરો મંમાય;
પરમ કૃપાળુ પ્રેમ ધરીને, શેવકને થાઓ સાહ્ય.
સોભે મુરત સારી, મોહનગારી, કષ્ટ નિવારી. શેવક.
શ્રાવણ માસે સંઘ મળી મા, ગુણ તમારા ગાય.

માતુ તણો સુત શેવક આજે, પ્રેમે પ્રણમે પાય;
જાઉં તુજ પર વારી, લાજ વધારી, કષ્ટ નિવારી. શેવક.

"સ્તુતિ ગાયન ૧૮ મું."

(ચહે મહોતાબ.) એ રાહ.

દુઃખ હરોને દુર માતુ દયાળુ. (૨)
દયાવાન, દયાવાન, દયાવાન, દયાવાન, સહાય સહાય, સહાય, સહાય
ભય ભગ્તોને છે ભારી, અસુરનો તે ઉતારી;
સુખ શાંતી દીઓ સારી, આવ્યોછું પારે તમારી,
વિનતી લ્યો ધ્યાને ધારી, આરાસુરી માત મારી;
બચાવો બતાવી બા'રી, ગતી છે તમારી ન્યારી.
એથી આવ્યો આપ કને, ઉગારો આ અનાથને,
માતુ શ્રી બચાવો મને, અર્જ કરૂંછું આપને,
માત, માત, માત, માત,

"સ્તુતિ ગાયન. ૧૯ મું."

(સખી સુજે ન કાંઇરે.) એ રાહ.

શાણી તું સુખ દાઇરે (૨) જોગમાયા દુખ જાણ. શાણી.
ભક્ત વ્હાલા તને ભોળી ભવાની, દુઃખથી થાયછે દુર.
એક ચિત્તે માજી તુને આરાધે, અરજી ધરે તેની ઉર. શાણી.
કેઇને માર્યાને કેઇને તાર્યા, રંકને કીધા રાય,
રાય હતા તેને રંક બનાવી, મુકયા અટવિ માંય. શાણી.
આ ભવમાં એક આશરો તારોજ મહેર કરો મંમાય,

આદ્યશક્તિ અમ આશા પુરો મા, પાતિક દુર પળાય. શાણી.
આબુગઢે માતુ આપ બિરાજો, કાળી પાવાગઢ માંહ્ય;
તુળજા ભવાની ને બહુચરબાળી, કરજો શેવકની સાહ્ય, શાણી.
મેરીનો મરદ બહુચરે કીધો, આરાસુરે તાર્યાં નાવ.
કાળીએ પતઇને રાજ દીધું, એવું હવે ચિત્ત ચાવ, શાણી.
ભક્ત જનો સૌ ભેળા મળી આજ, ગુણ તમારા ગાય.
સુખ થઈ માજી દુઃખ ગયા સહુ, આનંદે હરખાય શાણી.
એક નવ ચાર નવના પેહેલા, માસનો પેહેલો પક્ષ,
ત્રુજ તને માતુ સ્તુતિ કરી આ, થાઓ પ્રસન પ્રતક્ષ. શાણી.

સ્તુતિ ગાયન ૨૦ મું.

કાળીકા માતાની સ્તુતિ.

(ઓખાહરણ) ની રાહ.

ધન્ય ધન્ય પાવા પટરાણી, આવ્યા દર્શને ઉમગ આણી;
ગઢ ઉપર આપ વસો છો, સહુ શેવક સુખીઆ કરોછો.
નેમ ધારી જે નમવાને આવે, તેના દાળીદ્ર દુર તો જાવે.
એવી મંમાયા આપની મેહેર, કરો માજી હવે લીલાલ્હેર.
મા તેં પતઇને રાજ દીધું, મતિ મુંઢ થયે ખુંચી લીધું.
પ્રથમ પુત્ર કરી એને સ્થાપ્યો, જશ જગમાં જેનો વધુ વાપ્યો.
એક દીને નવરાત્રીના રોજ, માજી ગાતાને મારતા મોજ,
સખીઓ સંગે ગરબાઓ ગાતા, અંબોડા લેઇ ઉર હરખાતા.
હેવે આવ્યો ત્યાં પતઈ રાજા, માજી રૂપ જોઈ તોડી માજા.
દુષ્ટ બુદ્ધિએ ચંડાળ ચાલ્યો, જઈ માજીનો પાલવ ઝાલ્યો

માજી પ્રસન થઈ તવ બોલે, માગ માગ કરમ કાંઇ ખોલે.
તવ કામાંધના કર્મ ફુટે; લખ્યો લેખ કદી કેમ છુટે,
માજીને કે ચાલો મારા મ્હોલે, નારી મારી નહીં તુજ તોલે.
કોપ કરી માજી તેણીવાર, બોલ્યા માગ્ય અલ્યા બીજીવાર,
બીજીવારે બોલ્યો તે ગમાર, ચાલો માંડો મારૂં ઘરબાર,
મુંઠ ભુલેછે માગ્ય ફરીને, બોલ્યો ચાલોને સ્નેહ ધરીને,
આવું સુણી તીહાં કોપ કીધો, માજીએ દુષ્ટને શ્રાપ દીધો.
નાશ નાશ પતેયા તું નાશ, છોડી રાજ્યને રિદ્ધિની આશ.
તારા શત્રુઓ તુજપર ધાશે, તુજ વંશ જડામુળ જાશે.
તારી સાહ્ય કરે નહીં કોય, હું કાળી તણો કોપ તો હોય.
ચેત્યો નહીં તું ચંડાળ ચેતાવ્યો. મોહપાશથી મરવાને આવ્યો.
ઓળખીના માતુ મહાકાળી, પતેયા રાખ્યો પ્રેમથી પાળી
દુષ્ટ બુદ્ધિએ દ્રષ્ટી દેખાડી, નિરખી ન આછે મુજ માડી,
હવે જીહાં જવાય ત્યાં જાતું પગલે પગલે દુખીથાતું.
આવશે દળવાદળ કાલે, તેની આગે તારૂ નવ ચાલે;
શાહેર ચંપાને લક્ષ્મિ લુંટાશે; હવે ફોગટ વેણ વિમાસે.
એવું કહીને ગયા માત કાળી, આવ્યો પતઇઓ ઘેર ચાલી.
પરભાતે ઉઠી પુર જુએ, ઠામઠામે વાયસતો રૂવે.
એમ જોતાં પડી બુમ પુરે' ધાઓ ધાઓ આવ્યું દળ દુરે.
પોડોમાંથી મનુષ્ય પ્રગટીઆં, એકી કે માંહે બેથે છ લઠીઆં
એવું સુણી સેનાસજ કરતાં, આવ્યા દુશ્મનો પ્રાણજ હરતાં.
સામા સામી થયો સંગ્રામ, હાર્યો પતઇરાય તે ઠામ.
કર્યાં કેશરીઆં તેણીવાર, પડયો પતાઈ રણમોઝાર.

ભકત માતુ તણો કોપ એવો, નરનારીએ ધ્યાનમાં લેવો.
કરે રાયને રંક મા કાળી, રંકને રાજ દે છે દયાળી.
માટે ભકત ભજો એક ભાવે, દુઃખ દોહુગ સૌ દુર જાવે.
જે મા'કાળી તણા ગુણ ગાશે, તેના કાર્ય સહુ સિદ્ધ થાશે.
હવે અરજી આ ધ્યાનમાં ધારો. માજી ભવજળ પાર ઉતારો.

સ્તુતિ ગાયન ૨૧ મું.

"બહુચરાજી ની સ્તુતી"

(અધબિચ મહોબત તોડી) એ રાહ.

હે માત બહુચરી, માત બહુચરી, અર્જ હવે અવધારો;
શેવકને શર્ણાગત રાખી, અરિ ભયથી ઉગારો. હે માત.
છો સુખદાતા (૨) સંખલ પુરની મહારાણી;
ભકત વત્સલ છો, આદ્ય ભવાની, જોગ માયા મેં જાણી. હે માત.
નર રૂપે નારી (૨) અર્જ કરી તુજ આગે;
અમર પદ પુરૂષનું આપી, કષ્ટ તેહના કાપે. હે માત.
વળી અર્થનીને (૨) મા અર્થ બનાવી દીધો.
ચર્ણાયુધ માર્યાં તુજ આગે, પ્રાણ તેહનો લીધો. હે માત,
મા દેવ કાજ (૨) દૈત્તો મહા મોટાં માર્યાં.
અનેક રૂપ ધારણ કરી, નિજ શત્રુને સંહાર્યાં. હે માત.
અત્રમ ઉધ્ધારણ (૨) માત બહુચરા બાળી;
સાહ્ય કરી આ સેવક જનને, બિરૂદ લીઓ સંભાળી. હે માત.
જે એક ચિત્તથી [૨] તુજ આગળ મા આવે;
પાપી સૌ પાવન થઇ મા, પરમ સુખ તો પાવે. હે માત.

વળી માનસરોવર [૨] નિર્મળ નિર જે ન્હાશે;
કઠીણ કરમ તે કોમળ થઈને, સુખીયા સરવે થાશે. હેમાત.
આ કઠીણ કાળમાં (૨) ગુણ બહુચરના ગાશે;
મનવાંચ્છિત ફળ પામી પોતે, પાતીક દુર પલાશે. હેમાત.
છેલ્લી અરજી (૨) મા સેવકની સ્વિકારો;
લળી લળી પાએ લાગે બહુચર, માતુ દાસ તમારો. હેમાત.

સ્તુતિ ગાયન ૨૨ મું.

(જય જયવંતા શ્રી અરીહંતા તુહી ભગવંતા ધર ધર ધ્યાન)

જય માતુ મહિષાસુર મારણ, ભકત ઉધ્ધારણ તું શિરતાજ.
દુઃખ નિવારણ, પાર ઉતારણ, આદ્ય ઉગારણ, તું છે આજ.
અભરાભરણી, ને સુખ કરણી, છો દુઃખ હરણી, રાખો લાજ.
કંકુ વરણી, માતુ નિડરણી, શેવક શર્ણી, કરશો કાજ.
અમો તો આવિયાં, શર્ણ આપની;
કૃપા કરીને મા, કષ્ટો કાપની;
હવે સહુ મળી, માફી માગીએ.
પાર ઉતારીએ, જાણી દીન સેવકની દાદ. જય માતુ.

સ્તુતિ ગાયન ૨૩ મું.

(કોઈ હાલ કહો જાકે, મેરી પરીકો સમજાકે) એ રાહ.

માતુ અરજ સુણો મારી, અમો પારે આવ્યા તારી. માતુ. ટેક.
હું હતભાગી આપ દુવારે આવ્યો હું શર્ણે આજ;

સીઘ્ર કરો મમ કાજ, દીઓ સુખ સાજ, માતુ શિરતાજ. માતુ.
કઠીણ કરમ મા કેર કરે આ, આણો તેનો અંત;
કરો મતિ રતિવંત, ખરી ધરી ખંત, તોડી સહુ તંત. માતુ૦
અંડિચાચરમાં ચિત્ત આ ચોટયું, તેથી આવ્યો તુજ પાસ;
હવે પુરો મા આશ, જાણી નિજ દાસ, કરો ન નિરાશ માતું.
એક ચિત્તે જે અંબા આરાધે, પુર્ણ કરો તસકામ;
વળી દીએ બહુ દામ, ઇજતને ગામ, હેયે ધરે હામ, માતુ.
શેવકનું મા બિરૂદ સંભાળી, લક્ષ વસા કર લ્હેર,
દુઃખની જાણી પેર, હવે મા મેહેર, કરો ઘેર ઘેર. માતુ.

" સ્તુતિ ગાયન. ૨૪ મું."

(પાટણના નૃપ નથી તુજ મ્હેલે પદમણી નારી.) એ રાહ

આદ્ય ભવાની આશ પુરો મા, આરાસુર વાળી;
પાવાગઢમાં તું મહાકાળી, ચોંવાળે બહુચર છે બાળી;
મહા મનોહર સ્વરૂપ શશિ સમ, ભકત વત્સલ ભાળી; આદ્ય.
આવ્યો માતા તુજ દરબારે, શેવકના કામ હવે સારી;
ભવાની ભિડ પડી ભારે, કાપો હવે કષ્ટ મહાકાળી, આદ્ય.
આરાધે એક મને અંબાય, તેના દુઃખ દોગ દુહરે જાય.
પાપીજન પારે પાવન થાય, હેવી મા ભોળી તુને ભાળી. આદ્ય.
આવે ઇંદ્રાદીક તુજ દરબાર, નમી કહે માતુ જય જયકાર
ખરી માતું ઉમિઆ અવતાર, શઋુ આવ્યા લ્યો સંભાળી. આ.
કરો મંમાયા મુજ પર મેહેર, પેખી પરમેશ્વરી મારી પેર.
હરીને દુઃખ કરો સુખ સેર, તંત સહુ મારી હવે ટાળી. આ.

સકળ જનનેં છે। સુખદાતા, કરો માતાજી સુખ શાતા;
શેવકસૌ મા તુજ ગુણ ગાતા, માજી તન તારો કર ઝાલી. આચ

"સ્તુતિ ગાયન. ૨૫ મું."

(પદમણી નીરખીરે-) એ રાહ.

અંબા માવડીરે [૨] આવ્યા તુજ દરબાર. અંબા.
સુંદર મનોહર મુખડું માતુ, ચમ ચમ ચમકે રી,
નોતમ નેપુર પાએ માતુ, ઠગ ઠમ ઠમકે રી.
પુન્યવંત જે પ્રાણીઆં, દાખે તુજ દેદાર.
આ ભવ પરભવ પામસે, ઉત્તમ સુખ અપાર. અંબા.
અમો શેવક આવ્યા સૌ સાથે, ભાવે ભજવારી,
અન્ય વખતમાં હાવો નહીં મા, અવસર આવેરી;
શેવક શર્ણે આવિઆં, આરાસુરમાં આજ.
દીન દયાળી દુઃખ હરી, કરો શેવકના કાજ. અંબા.
અમો અજ્ઞાનિ ભુલ થકી મા, ભવ મા ભમતા રી,
સાહ્ય કરો મા સદ્ય હવે તો, દુઃખડા દમતા રી;
નાવ રૂપે નિધિ તારીએ, અજ્ઞબેલી અંબાય,
શેવક જન સુખમાં રહી, ગુણ તમારા ગાય અંબા.

સ્તુતિ ગાયન ૨૬ મું.

(માર માર તરવાર ઉભો જુએ છે શું.) એ રાહ.

તાર તાર નિધી પાર માતુ, પ્રેમે તો તું. [૨]

પ્રેમે તો પ્રેમે તો પ્રેમે તો તું.—તાર.
દર્શણ કરવા આવ્યા દુવારે, વિનંતી ધ્યાને ધરે તો તું. તાર.
ભિડ ભવાની ભાગો અમારી, આશરો એક મા તારે તો તુ. તાર.
દુષ્ટ અરિ બહુ દુઃખ દીએછે, તેથી અમોને ઉગારે તો તું. તાર.
કાળી ભવાની બહુચર બાળી, શેવકને સંભાળે તો તું. તાર.
વાંક અમારો માફ કરો મા, તારણ હારી માજી તો તું. તાર.
સંઘ મળી માતુ ગુણ ગાએ, અર્જ સ્વિકારે અમારી તો તું. તાર.
હોય અમારી ભૂલ ઘણી તો, છોરૂં જાણી દીએ માફી તો તું. તાર.

સ્તુતિ ગાયન ૨૩ મું.

(ચમકતી ઠમકતી પદમણિ રે) એ રાહ.

યોગેશ્વરી, આરાસુરી, મહેશ્વરીરે,
માતુ માહરી વશી મનમાં ખરીરે.—ટેક.
જોગ માયા જાણી મેતો એક વિશ્વ માંહી;
તુજ વિણુ વા'લુ ન કો જગ જરી રે. માતુ.
જળ થળ વ્યોમમાં તું બહુચરા બિરાજે,
દેવ દાનવોથી અંબા નહીં ડરી રે. માતુ.
ત્રિભોવન માંહી કોઇ નહીં તુજ તોલે,
અખિલ વિશ્વ માંહે વ્યાપી ઇશ્વરી રે. માતુ.
એક ચિત્તે ધ્યાન ધારી, આવે તુજ પારે,
સુખી કરે સહુને માતુ, દુઃખ હરી રે. માતુ.
વિનતી સુણીને મા, વણીક વા'ણ તાર્યા,
નિધી માંહે નાવ ત્રિચે કર ધરી રે. માતુ.

સુખદાઈ સર્વની મા વિનતી સ્વિકારી,
માતુ તનય આજ તારો બહુચરી રે. માતુ.
ભક્તોની હવે તો ભીડ ભાગો મા ભવાની,
આપો સહુને સાહ્ય માતુ સુખકરી રે, માતુ.

સ્તુતિ ગાયન ૨૮ મું.

(મુને સમજે શું હેવાન સમાન) એ રાહ.

માતુ વિનતી હવે તો વિચાર (૨) ટેક.
આવ્યા તારે પાર, દરબાર સૌ આ વાર. માતુ.
તારો બાળોને દયાળ, સૌને માતાજી સંભાળ;
અરજી સુણીને મારી, દયા દીલ માંહી ધારી,
પાપી ન નોધો વિસારી, થાએછે માજી ખુવારી;
ભવાની મા ભિડ ભાગી, અમને તું તાર. માતુ.

સ્તુતિ ગાયન ૨૯ મું.

(અફસોસ કે આંખોસે દેખાએ નહીં દેતા) એ રાહ.

છે આજથી આધાર તારો, એક ઇશ્વરી;
જોગ માયા જાણી મેં તો, બાળા બહુચરી. છે આજ.
દાનવો હણીને દુઃખ, દેવોના હર્યાં;
શેવકોને માત મા'રી, સા'યતો કરી. છે આજ.
આઠ જામ આરાધું હું, હે આરાસુરી;
સૂર્યોદયે ઉઠું માજી, ધ્યાન તું ધરી. છે આજ.
અંતર ન રાખો માતુ મુજથી રતી;

ભકતની ભોળી માતા શું, વા'લ વિસરી. છે આજ.
હું અભાગી બાળ માત, આવ્યો આંગણે;
હવે તો ઉતારો પાર, માત માહેરી. છે આજ.
માર તાર કે ઉગાર, આ ભવે તું આજ;
પણ નહીં છોડું નામ તારૂં, જીભથી જરી. છે આજ.

સ્તુતી ગાયન ૩૦ મું

[હેલીરે રંભા જાણી જાવા કેમ દઇએ,]

આરાસુર અંબે, અરજ સુણોને અમારી;
સુંદર મનોહર મુખડું માનું, સોભે સૂર્ય સમાન.
આરાસુરમાં આપ બીરાજો, વાઘનું કીધું વા'નરે. આરા.
જમણે દુંદાળો દુ:ખ ભંજન, વામે માત વેરાઈ;
કુંડ પાસ શંકર સોભે છે, ભેરવો સુખદાઇરે. આરા.
ગીડ ગીડ ગીડ ગીડ નોબત વાજે, ત્રંબાળુ શરણાઈ;
તાલ પખાજ મૃદંગો વાગે, જય જય અંબે માઇરે. આરા.
અનેક નામધારી મા આપે, કર્યાં દૈતને દુર;
તે માટે સૌ દેવ દાસ થઈ, આવે આપજ હજુરરે. આરા.
હું પણ આવ્યો આપ હજુરે, કલ્યાણી કર સા'ય;
શેવકને સદ્બુદ્ધી આપી, અમર કરજો કાયરે. આરા.
સર્વ દેવમાં શ્રેષ્ટ ગણાયે, આદ્ય ઈશ્વરી એક;
પારે આવ્યાને ઉગારે, એવી તારી ટેકરે. આરા.
સકળ સંઘ માત ગુણ ગાએ, ઇચ્છે તુજ પદ આજ;
અંબિકાદયો અર્જ સ્વિકારી, સૌના છો શિરતાજરે. આરા.

"ગબ્બડગીરીનો ચઢાવ."

(નારીના કટાક્ષ પાસ પુરૂષ છે ગુલામ) એ રાહ.

માતુ પદ પુજીને, ગયા સહુ ગબ્બર,
કેહેછે ગયા ગબ્બર તે, થાય છે જબ્બર;
ચઢવાનો ચઢાવ સામો, છાતીની સમાન,
મોટા મોટા મલ્લનું, મુકાવે છે તે માન.
એક એકની આંગુલી, સહુ સહી રહ્યાં,
મુખ ફાડી સર્વ ગીરી, ઉપરે ગયાં.
પાર્શ્વનામે પેખ્યો ત્યાં, પુરાનો પીંપળો,
તેના મુળ માંહી, મારેલાં છે ત્રીશુળો.
અમ્મર ઝવેરા ઉગ્યાં, ત્રીશુળ ત્યાં કને,
કરમાય નહીં કોઈ કાળે, કહું છું સૌ કને.
પ્રેમે પીંગળો સાહી, પ્રદક્ષણા કરી,
હાથ છુટે ત્યાંથી તેતો, જન્મ લે ફરી.
ભાન ભુલી ઉંચુ જોતા, નીચુ જો જુવે,
ચકકરી ખાઇને જાય, પાતાળી કુવે.
અમો ત્રીશુળને નમીને, પાછા સૌ ફર્યાં;
દેખ્યાં ત્યાં તો કુંડી માંહે, નિરતો ભર્યાં.
અખુટ નિર આ કુંડીમાં, રેહેછે હાથભર,
ખુટે ન લાખ લોક પીએ, માંહીથી અમ્મર.
ભાથુ ખાઇને અમે ત્યાં, નિર વાવર્યું;
અમૃત જેવું એ લાગ્યું, કાળજું ઠર્યું.
વીસામો લેઇને સર્વ, હેઠા ઉતર્યાં;

આવી માજીના દુવારે, દર્શણ તો કર્યાં.
હવે જવું મહાદેવ મંદીર, કોટેશ્વર કહ્યા;
ભેટવાને ભોળા શંભુ, સર્વ તો ગયાં.

"કોટેશ્વર મહાદેવ આગળનો દેખાવ"

(રાગ આશા ગોડીનો) એ રાહ.

ભોળા શંભુ ભેટયા ભાવે, આહાં ભાઈ, ભોળા શંભુ ભેટયા ભાવે. ટેક.
દુઃખીયા જન સહુ સુખીઆ થાએ, હર્ષ અતી ઉપજાવે, આહાં.
દયાળુ દુઃખ ભંજન દાતા, શંકર શ્રષ્ટિ કહાવે, આહાં.
કૈલાશવાસી કંઠે ફણીધર, ભાંગ ધંતુરા તો ભાવે; આહાં.
વિષની વેલી, અમૃત જેવી, દધી મથન કરી લાવે, આહાં.
જામે બેઠા દીસે દુંદાળો, વામે ઉમીયા કહાવે, આહાં.
ગૌરીથી ગંગા છુપી ગૃહીને, અંતર સુખ ઉપજાવે, આહાં.
બળહદ ઉપર આપ બીરાજી, ગૌરી તણા ગુણ ગાવે, આહાં.
શંકર ભેટી સહુ સુખ પામ્યા, આનંદ ઉર ન માવે; આહાં.
સર્વે મળી માજી ગુણ ગાતા, ગૌમુખી ગંગાએ આવે, આહાં.

"ગૌમુખી ગંગાનો દેખાવ."

(ગીતિ વૃત.)

આ ગૌમુખી ગંગા, ગાય તણા મુખમાંથી જ્યાં વહેછે;
તેની સરીતા ચાલે, નામે સરસ્વતિ હાલ સહુ કહેછે.
ખળ ખળ પથ્થરમાંથી, પાણી પડતું આવે ગૌમુખે;
તે જળ પ્રેમે પીધું, પછી બેઠાં સર્વે જન ત્યાં સુખે.
પાંચ મિનિટ થઇ પુરી, પછી ઉતર્યાં સર્વ પંથી હેઠાં;

માતાજી પદ પુજી, જઇ વંદી સૌ સ્તવન કરી બેઠાં.

"પંચ તીરથી યાત્રાનો હેવાલ."

(મેતો શાહાજાદેકુ ઢુંઢન ચલીઆરે.) એ રાહ.

હવે પંચ તીરથ યાત્રા કરીએ, દેહ તણા દુખડાં હરીએ. હવે.
માતુ પાએ પડી ગણપતી ભેટયાં, દર્શણથી દુઃખ દુર કરીએ. હવે.
મુશકનુવાહન, મોદીકવા'લા, આદી નામ તેનું સ્મરીએ, હવે.
વામે વેરાઈ માત બીરાજે, ધ્યાન પછી તેનું ધરીએ. હવે.
માન સરોવર ચારે કાંઠે, શંકર ભેટી સુખ વરીએ; હવે.
ત્યાંથી આવ્યા અજાઈ માતા, ચર્ણું જઇ શીષ તો ધરીએ. હવે.
પછી માતા ખોડીઆરને માની, કાળ ભૈરવ દેખી ડરીએ. હવે.
બટુક બાળ પણ પાસે બીરાજે, તેને પણ ધ્યાને ધરીએ; હવે.
ચાલો હવે સહુ ચાચર માંહે, શંકર શેવી સુખ કરીએ. હવે.

"પંચ તીરથી પુરી થઈ રહ્યા બાદ"

(મુજ ઉપર ગુજરી પીતા પાદશા જાની) એ રાહ.

પંચ તીરથી પુરી કરી, રહ્યા જે વારે;
થઇ પુરણ રાત્રી પાંચ, બધી તે વારે.
છે માજીનો હુકમ, વધુ નવ રહેવું;
શેવક નવ માને, કષ્ટ પડે છે સે'વું.
નવરાત્રી અષ્ટમી રોજ, હુવન હ્યાં થાયે;
દાંતા રાણાજી માત, નમીને જાયે.
કાર્ત્તિક માગશરને, ચૈત્ર શ્રાવણ ભાદરવા.
લઈ આવે શંઘો લોક, માતને નમવા.

વળી પુનેમીઆ દર માસ, તણી પુનેમે;
આવે માજી દરબાર, ઘેરથી પ્રેમે.
કોઈ આવી માજી પાસ, ભવાઈ કરતાં;
ઉમંગે કોઇ, ફેર ફુદડી, ફરતાં.
કોઇ નાચે કુદે ગાય, મૃદંગ બજાવે;
કોઇ ભેરીને ભુંગળ, ગજાવે ભાવે.
કોઈ નોબત ડંકા, આવી વગાડે આગે;
તવ માજી મારા, પોઢેલા તો જાગે.
એમ અનેક તરેહના, ગાન તાન સો કરતાં;
માજી પદ પુજી, દેશ આપના ફરતાં.
અમને પણ ઇંતે જાર, હતી જાવાને;
નામે કુંભારી ગામ, સુખી થાવાને.
ત્યાં જૈન તણા મંદીર, જોવા જેવા છે;
નથી અન્ય ગીરી એ તુલ્ય, સુંદિર એવા છે,
મણી કંચનની છે મુર્ત, સુર્ત બહુ સારી;
વીમળશાહે એ, સર્વ ભરાવી ભારી.
હાલ ઇંગ્રેજોની, ચોકી પેʼરો પણ રે'છે;
શ્રાવક સંઘ તેની, દેખરેખ રાખેછે.
વળી અન્ય વખતમાં, આવી જશું તે ઠામે;
છે ઉત્કંઠા હવે, જવા અમારા ગામે.
જઈ માજી પાસે, રજા હવે માગીશું;
સુખ વર્તિ પામી, સર્વ ઘેર ચાલીશું.

"શ્રી અંબાજીની લાવણી."

(શ્રી અજીતનાથ માહારાજ ગરીબની વાજ) એ રાહ.

શ્રી આરાસુર અંબાય, થઇને સાય, સુખ તો કરજી (૨)
શેવક શિર નામી આજ ઉચરે અરજી. શ્રી.
કરૂં ધુપ દિપથી ધ્યાન, બની ગુલતાન, માજી તુજ આગે. (૨)
શેવકની સર્વે ભિડ ભવાની ભાગે. શ્રી.
બહુ કામ ક્રોધનો કેર, આણુતાં ઝેર, મુને સંતાપી. (૨)
એ દુષ્ટ અરિના કષ્ટ નાખજો કાપી. શ્રી.
છે મમતા મદનો લોભ, રહ્યો નહીં થોભ, હવે શું કરવું. (૨)
આવ્યો છું પાસે આજ, દુઃખ તો હરવું. શ્રી.
આ ભવ અટવિની માંહ્ય, રઝળતું થાય, રંક બહુ થઇને. (૨)
તારે તુજ વિણ કો માત, હાથ શિર દઇને. શ્રી.
મેં કર્યાં માત બહુ કર્મ, આણી નહીં શર્મ, મહિલા માંહી. (૨)
પાપી પામર હું પૂર્ણ, શાણી સુખદાઇ. શ્રી.
પર રમણીથી બહુ રંગ, ધરી ઉમંગ, રમ્યો થઈ રાજી. (૨)
એ નિચ કર્મોએ આજ, બગાડી બાજી. શ્રી.
નહીં ધર્યું કોઇ દી ધ્યાન, બની મસ્તાન, માત મેં તારૂં. (૨)
સંકટ પડતાથી આજ હવે સંભારૂં. શ્રી.
કર દેવી માફી દોષ, તજીને રોષ, પ્રેમે પદ લાગું. (૨)
એ સર્વ ગુનાની આજ, ક્ષમા હું માગું. શ્રી.
હવે હર્નિશ ધારૂં ધ્યાન, ભુલું નહીં ભાન, માતુ ગુણ ગાવું.(૨)
આરાસુર ચર્ણામૃત આપનું ચાખું. શ્રી.
હું દ્વિકર જોડું દાસ, પુરો મા આશા, દરિશણ દેજો. (૨)

અહોનિશ ઈંદુ તન માય, રૂદયમાં રેહેજો, શ્રી.

ભક્તોને શીખામણ.

(બતા દે સખી, કૌન ગલી ગયો શામ) એ રાહ.

ભાવે જઈ ભેટો આરાસુરી અંબાય. ટેક.
આરાસુરી અંબાય, ભાવે જઇ ભેટો, આરાસુરી અંબાય.
ભોળી ભવાની, જુગ માંહે જાણીરે; મેહેર કરે મંમાય. ભાવે૦
સંકટ ચુરે, આશા પુરેરે; દુઃખ દુરે સહુ જાય. ભાવે૦
દુઃખ દધી તારણ, પાર ઉતારણરે; સહુને કરે મા, સહ્ય. ભાવે૦
દાનવ માર્યાં, કષ્ટ નિવાર્યાંરે; સુર લોકે સુખ થાય. ભાવે૦
જળ થળ માંહ્ય, છે સુખ દાઈ રે, ત્રિભોવન મા, ગુણ ગાય. ભાવે.
દીનદયાળી, માજી મયાળી રે, પ્રેમે પડો જઇ પાય. ભાવે.
સૌ નરનારી, ચાલો આવારી રે, માતું ચરણ ચિત્ત ચા'ય. ભાવે.
અરજી ઉચરીએ, દીલ દુઃખ હરીએ રે, શક્તિ એ છે સુખ દાય. ભાવે.
જય જોગ માયા, શર્ણું તુજ આયા રે, ધ્યાને ધરો, વા'રે ધાય. ભાવે.

(आरती.)

જય જય અંબે માત, આરાસુર વાળી, મા આરાસુરવાળી
સૌને છો સુખદાઇ, (૨) ભક્ત વત્સળ ભાળી, જયોજયો મા જુગદંબે
સુરિનર મુનિવર સર્વ, પાએ તુને પડતાં, મા પાએ તુને પડતાં
દુઃખ દેવોના દેખી (૨) દૈત્તોથી લડતાં, જયો જયો.

ચંડ મુંડ ચકચુર, કીધાં તેં ક્રોધે, મા કીધાં તેં ક્રોધે.
રક્ત બિજને રોળી (૨) અન્ય અસુર સોધે. જયો જયો.
શુંભ નિશુંભને ધૂમ, મહીષાસુર મારી, મા મહીષાસુર મારી
ભૂતળ ભય નિવારી, (૨, કીધી સુખીયારી. જયો જયો.
ચોખંડે માતુજ નામ, જળથળમાં વ્યાપી, મા જળથળમાં વ્યાપી
શેવક સા'ય કરો મા, (૨) કષ્ટો સહુ કાપી. જયો જયો.
તુળજા, ત્રિપુરા, કાળી મહાકાળી, મા કાળી મહાકાળી;
આરાસુરી અંબા, (૨) તું બહુચર બાળી, જયો જયો.
સર્વે કરજો સા'ય, મેહેર કરી માતું, મા મેહેર કરી માતું.
લળી લળી પાએ લાગું, (૨) અમૃત જળ પાનું. જયો જયો.
શંકર આદી દેવ, બ્રહ્મા ગુણ ગાતાં, મા બ્રહ્મા ગુણ ગાતાં.
મુખ દેખી દુઃખ જાતાં, (૨) થાતા રળીઆતાં, જયો જયો.
મોતીએ વધાવી આજ, મંગળ તુજ ગાવું, મા મંગળ તુજ ગાવું,
હર્નિશ આરતી કરતાં, (૨) ઉર મા હરખાવું. જયો જયો.
તાલ પખાજની સાથ, ગૌરી ગુણ ગાશે, મા ગૌરી ગુણ ગાશે
જન્મ મરણ ભય ટાળી, (૨) સુખીયા સહુ થાશે. જયો જયો.

જાત્રા કરી રહ્યા બાદ ઘેર આવતી વખતે

માતાજીની સ્તુતિ.

(વિનતી ધરજો ધ્યાન સજ્જનો) એ રાહ.

મેહેર કરો મંમાય, માતુ મેહેર કરો મંમાય, (૨) ટેક.
આપની પારે, આવવા ધારે, જન તે સુખીયા થાય, માતુ.
આ કુળજુગમાં આશરો તારો, આરાસુરી અંબાય. માતુ.

જળથળને વળી વ્યોમમાં વ્યાપી, કીધી સહુને સા'ય. માતુ.
ભક્તોને વા'લી ભોળી ભવાની. દર્શણ આપનું ચા'ય. માતુ.
દીન દીન દર્શણ દેજો દયાળી, નિર્મળ કરજો કાય. માતુ.
દોષ રહિત આ બાળ તમારાં, કલ્યાણી કરોને કૃપાય. માતુ.
વસુધાપર અમૃત વરસાવો, વળી શિતળ વા વાય. માતુ.
પયવાળું પ્રાણી પય આપે, અન્ને ભૂમિ ઉભરાય. માતુ.
દુઃખીઉ જન દેખાય નહીં કો, આદરો એહ ઉપાય. માતુ.
અમો આવ્યા મા તુજ દરબારે, આનંદ અંગ ન માય. માતુ.
રજા દીઓ માજી ઘર જાવા, ઉર અતિ હરખાય. માતુ.
શેવક સર્વે આજે મળીમા, ગુણ તમારા ગાય. માતુ.

"કર્તાની છેવટની પ્રાર્થના."

(શ્રી જગતપતિ) એ રાહ.

કૃપા અતિ કરી, તેં આદ્ય ઇશ્વરી,
કુમતિ કાપી સુમતિ આપી, શેવક સુખકરી. ટેક.
આપ પ્રતાપે પુર્ણ કર્યું આ, આરંભેલું કામ;
હામ હતી નહીં હેવી માતુ, રાખ્યું મારૂં નામ. કૃપા૦
નથી નિરખ્યું મે પાવાઘઢ મા, નથી આવ્યો અંબાય;
નથી જોયો દરબાર કે ડુંગર, સુણ વાણી સુખ દાય, કૃપા૦
અન્ય પુસ્તકો અવલોકનથી, પુર્ણ કર્યું આ કાજ;
મેહેર કરી મંમાયા આજે, રાખી મારી લાજ. કૃપા૦
આજ થકી આરાસુર શર્ણે, જે કોઇ જન જાશે;
વળી સ્તુતિ આ શ્રવણ કરેથી, સુખીયા સૌ થાશે. કૃપા૦

ભક્તોની ભય ભંજન, દેવી એ અલબેલી માત;
જળ થળમાં વ્યાપી થઈ પોતે, ત્રિભોવનમાં વિખ્યાત, કૃપા૦
કાળી આરાસુર વાળીને, તુળજા બહુચર સાથ;
સા'ય કરો સૌ શેવકને મા, રાખી રૂદયા મા'ય.
ભાગો ભિડ ભવાની મારી, ઈચ્છિત વર દયો આજ;
ચંપકવર્ણી માતુજ આગે, દર્શાવું દુઃખ દાજ. કૃપા.
રખડયાં તુજ ભક્તિ વિણ ભોળી, મહા મોટાં શુરવીર;
લક્ષ વસા લેખું નહીં તેનું, શેવક હૈયા હીર. કૃપા.
ઠરી ચિત્ત બેસે નહીં ઠામે, અકર્મી જે હોય;
મમ્મતમાં માતુ સમરે નહીં, દાખે છે દુઃખ તોય. કૃપા.
વા'લ ધરી જે સ્તુતિ વાંચશે, દહન થશે તસ દુઃખ;
રજ પણ રૂદયે રંજ ન રેહેશે, તનમાં સઘળે સુખ. કૃપા.
નઉત્તમ નેહે ગ્રન્થ રચ્યો આ, પોતીકા ઘર માંહ્ય;
લક્ષમી માતુ લે'ર કરીને, અમ્મર કરજો કાય. કૃપા.
સંવત ઓગણી ચાર નવનો, કાર્ત્તિક કૃષ્ણ કે'વાય;
આદીતવારે નિર્વિઘ્ને મા, ગ્રન્થ પૂર્ણ આ થાય. કૃપા.
કવિજન હોયે દોષ કહાપો, રખે ધરો મન રોષ;
સર્વે આપ સુધારી લેશો, દુર કરીને દોષ. કૃપા.
મંદ મતિનો પામર પ્રાણી, કેહે સૌને કરજોડ;
ભૂલ ચુકની માફી અર્પી, કોઈ ન દેશો ખોડ. કૃપા.

શ્રી અંબાજીનો ગરબો.

પારવતીના પુત્રને પાયે નમુરે લોલ.
શામરૂ સારદા માત આરાસુરમાંરે લોલ.

ગરબો ગાવા અમો આવીયાંરે લોલ.
ચાચર ચોક શોહામણોરે લોલ;
રૂડા ઉગમણા ગોખ દરશણ કીજીયેરે લોલ.
દીન થઈને માગી લીજીયેરે લોલ. ૨
માજી દયા કરીને લીજીયેરે લોલ;
આપો પદારથ પાંચ માગુ એટલુંરે લોલ;
સંસાર તણું સુખ તેટલુંરે લોલ. ૩
અવર શું માગું માવડીરે લોલ.
જાણો મનડાની વાત માત જાણુછોરે લોલ.
દરશણ દેઈને દુઃખ કાપજોરે લોલ. ૪
આસો માસો સુકલ પક્ષમાંરે લોલ,
નવરાત્રી કેરા દીન રમે દેવીયોરે લોલ;
કોડે બની સહુ દેવીયોરે લોલ. ૫
શોભા તે તેની શી કહુંરે લોલ,
વાણી ના પામે પાર ગાવા મળ્યાંરે લોલ;
આણંદે અંગમાં ભર્યાંરે લોલ. ૬
જોવા મળ્યા કોડ દેવ તેત્રીસરે લોલ,
વેમાન ચડી અંતરીક્ષ વૃષ્ટી કરેરે લોલ;
ચંદન પુષ્પ ઉપર પડેરે લોલ. ૭
તે સમે અંબીકા પધારીયાંરે લોલ,
આવ્યાં ચાચર માંહ્ય ગાવા મળ્યાંરે લોલ;
આણંદમાં અંગે ભરયાંરે લોલ. ૮
ઇંદ્ર આવ્યો ઇંદ્રાસનથીરે લોલ,

આવ્યો ચાચર માંહ્ય પુજ્યાં આઇનેરે લોલ;
ચંદન પુષ્પ મોતી લેઇનેરે લોલ. ૯
વીષ્ણુ આવ્યા વૈકુંઠથીરે લોલ,
અંબા તણે દરબાર વાય વાંસળીરે લોલ;
દેહ તણી સુધ્ય વીસરીરે લોલ. ૧૦
બ્રહ્મા ભણે વેદ ધુન્નમાંરે લોલ,
ન પામે કોઈ પાર આદ્ય રૂપ છોરે લોલ;
લોક ચૌદમાં વ્યાપી રહ્યાંરે લોલ. ૧૧
સીવજી આવ્યા કૈલાશથીરે લોલ,
ત્રીશુળ ડમરૂ હાથ નૃત ત્યાં કરેરે લોલ;
સરવે તણે મનડે ગમેરે લોલ. ૧૨
દેવી ચૈતન શકિત આદ્ય છોરે લોલ,
કેવળ બ્રહ્મ તણી છાંય વ્યાપી રહ્યાંરે લોલ;
અરૂપ સ્વરૂપે રમી રહ્યાંરે લોલ. ૧૩
ગુરૂ તણે પરતાપથીરે લોલ,
જાણ્યું તમારૂ રૂપ દરશણ કર્યાંરે લોલ;
મનડાં તે ભમતાં ઠર્યાં રે લોલ. ૧૪
ગુરૂ પરતાપે આસો ગાય છે રે લોલ,
પામ્યો પદારથ પાંચ રૂપમાં ભળ્યો રે લોલ;
અરૂપ સ્વરૂપ થઈ રહ્યો રે લોલ. ૧૫

સમાપ્ત.